
# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ૨૪મી સપ્ટેમ્બરે યોજાશે ‘રાજ્ય સ્વાગત’ કાર્યક્રમ

## નાગરિકોની ફરિયાદોના ઓનલાઈન નિવારણ માટે ગુરુવારે યોજાશે આયોજન; સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી સ્વીકારાશે રજૂઆતો

ગાંધીનગર,તા.૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતા ‘રાજ્ય સ્વાગત’ ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત સપ્ટેમ્બર-૨૦૨૬નો રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુરૂવાર, ૨૪ સપ્ટેમ્બરના રોજ યોજાશે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા ‘સ્વાગત’ ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરૂવારે રાજ્ય કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે.

નાગરિકો આ રાજ્ય સ્વાગત કાર્યક્રમ માટેની પોતાની રજૂઆતો ગુરૂવાર, ૨૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને જમા કરાવી શકશે.

મુખ્યમંત્રી ગુરૂવારે બપોર બાદ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની આવેલી રજૂઆતો અને ફરિયાદો સાંભળીને તેનો યોગ્ય નિકાલ કરશે.

# વિદ્યાર્થીઓની નહિવત નોંધણીના કારણે યુવક મહોત્સવ તાલીમ શિબિર મોકૂફ

ભાવનગર,તા.૨૩

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા યોજાનારા આંતર કોલેજ યુવક મહોત્સવ ‘ભાવલહર’ પૂર્વેની સાંસ્કૃતિક તાલીમ શિબિરો હાલ પૂરતી મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો છે.

આગામી તારીખ ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરે નૃત્ય, નાટક અને સંગીત જેવા વિભાગો માટે આ શિબિરો યોજાવાની હતી. જોકે, આ જ સમયગાળા દરમિયાન સેમેસ્ટર પરીક્ષાઓ આવતી હોવાથી કોલેજો તરફથી વિદ્યાર્થીઓની નોંધણી ખૂબ જ નહિવત મળી હતી. આ અંગે નિયામક દ્વારા પરિપત્ર જારી કરી શિબિર મોકૂફીની જાણ કરાઈ છે. આગામી સમયમાં યુનિવર્સિટી તંત્ર પરીક્ષા અને શિબિરના આયોજન વચ્ચે યોગ્ય સુમેળ સાધે તે જરૂરી બન્યું છે.

**આગામી પરીક્ષાઓના કારણે ‘ભાવલહર’ મહોત્સવ પૂર્વે યોજાનાર સાંસ્કૃતિક શિબિરો રદ કરાઈ**

# યુવાનો પાસેથી પૈસા ઉઘરાવતી SIS કંપનીનો ભરતી કેમ્પ રદ કરતા ડીડીઓ

## ઉમરાળા તાલુકામાં યોજાનાર સિક્યુરિટી ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ કાર્યક્રમની મંજૂરી પાછી ખેંચાઈ; બેરોજગારો પાસેથી નાણાં ઉઘરાવવાની રજૂઆત બાદ કાર્યવાહી

ભાવનગર,તા.૨૩

ભાવનગર જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ઉમરાળા તાલુકામાં યોજનાર SIS સિક્યુરિટીના ભરતી કેમ્પને રદ કરવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. SIS લિમિટેડ દ્વારા ગ્રામ્ય કક્ષાના બેરોજગાર યુવાનો પાસેથી ગેરકાયદેસર રીતે પૈસા ઉઘરાવવામાં આવતા હોવાની વ્યાપક રજૂઆતો મળ્યા બાદ આ કડક નિર્ણય લેવામાં આવ્યો છે.

અગાઉ, જિલ્લા પંચાયત દ્વારા SIS લિમિટેડ (માણસા, ગાંધીનગર)ને ગ્રામ્ય વિસ્તારના યુવાનોને સિક્યુરિટી ગાર્ડની તાલીમ અને પ્લેસમેન્ટ મળી રહે તે હેતુથી એક દિવસીય તાલીમ

કાર્યક્રમ યોજવાની મંજૂરી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ ઉમરાળા તાલુકા પંચાયત કચેરીના સભાખંડમાં નિર્ધારિત તારીખો દરમિયાન યોજાવાનો હતો, જેના માટે જરૂરી બેઠક વ્યવસ્થા અને વહીવટી સહયોગ આપવા જણાવાયું હતું.

કાર્યક્રમની આડમાં SIS લિમિટેડ દ્વારા ગ્રામ્ય કક્ષાના નિર્દોષ અને બેરોજગાર યુવાનો પાસેથી નાણાકીય રકમ ઉઘરાવવામાં આવતી હોવાની ફરિયાદો અને રજૂઆતો ઉચ્ચ કક્ષાએ પહોંચી હતી. આ પ્રવૃત્તિ ગેરવ્યાજબી અને અયોગ્ય હોવાનું જણાતાં જિલ્લા વિકાસ અધિકારીએ ત્વરિત પગલાં ભરી આયોજન રદ કરવાનો નિર્ણય કર્યો હતો.

તદુપરાંત, અગાઉના પત્ર મારફતે તાલુકા પંચાયત કચેરીમાં કાર્યક્રમ યોજવા અંગે આપવામાં આવેલી તમામ મંજૂરીઓને તાત્કાલિક અસરથી રદ ગણવાની સત્તાવાર સૂચના જારી કરી દેવામાં આવી છે.

# શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરે નવરાત્રી મંડપનું રોપણ

## ગરબા-સ્તુતિ સાથે વાજતે-ગાજતે માણેકચોકમાં ધ્વજારોહણ, નવરાત્રી ઉત્સવની તૈયારીના શ્રીગણેશ

ભંડારિયા,તા.૨૩

ગોહિલવાડના પ્રસિદ્ધ શક્તિધામ ભંડારિયા સ્થિત બહુચરાજી મંદિરે આસો સુદ નવરાત્રિ મહોત્સવની પરંપરાગત ઉજવણીના ભાગરૂપે ભાદરવા સુદ અગિયારસે સવારે માણેકચોકમાં શાસ્ત્રોક્ત વિધિથી મંડપ રોપણ કરી ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

આ પવિત્ર પ્રસંગે મોટી સંખ્યામાં માઈ ભક્તો અને સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. માતાજીના ગરબા, સ્તુતિગાન અને ભૂંગળના સુમધુર સૂર વચ્ચે વાજતે-ગાજતે ધ્વજા સ્તંભ સાથે માણેકચોકમાં પહોંચી મંડપ રોપણ કરાતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

આ સાથે ભંડારિયા ખાતે આવેલા અન્ય દેવી સ્થાનકો જેવા કે શ્રી પ્રગટનાથ બહુચરાજી મંદિર, શ્રી મેલડી માતાજી મંદિર તેમજ શ્રી સોંડાઈ માતાજીના મંદિરે પણ વૈદિક વિધિવિધાન સાથે મંડપ રોપણ અને ધ્વજારોહણ કરીને નવરાત્રી ઉત્સવના મહોત્સવની તૈયારીઓના શ્રીગણેશ કરવામાં આવ્યા છે.

# કરદેજમાં વીજ વાયર તૂટી પડતાં કરંટથી ગાયનું મોત, બે ઈજાગ્રસ્ત

ભાવનગર,તા.૨૩

ભાવનગર શહેર નજીક આવેલા કરદેજ ગામમાં અચાનક વીજ વાયર તૂટી પડવાની ગંભીર ઘટના સામે આવી છે. વાયર તૂટતા જ ત્યાંથી પસાર થઈ રહેલી માલધારીની ત્રણ ગાયો વીજ કરંટની ઝપેટમાં આવી ગઈ હતી, જેમાં એક ગાયનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે બે ગાયો ઈજાગ્રસ્ત થઈ હતી. PGVCLમાં અનેક વખત રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.



સ્થાનિક રહીશ ભરત કસોટીયાના જણાવ્યા અનુસાર, ગામની અંદર ભરવાડ શેરીથી મેઈન બજાર સુધીનો આ વીજ વાયર અગાઉ ૧૫ થી ૧૭ વખત તૂટી ચૂક્યો છે. સરપંચ દ્વારા પણ અનેકવાર ફરિયાદો નોંધાવવામાં આવી હોવા છતાં PGVCLના અધિકારીઓ દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. આજે સવારે ગામના સુખા કસોટીયા પોતાના માલઢોર લઈને વાડી તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક ગાયો પર વીજ વાયર પડ્યો હતો. આ દુર્ઘટનામાં માલિકને પણ સામાન્ય ઈજા પહોંચી હતી.

ગ્રામજનોએ તંત્ર સામે આકરા સવાલો ઉઠાવતા જણાવ્યું છે કે, આ જ મુખ્ય રસ્તેથી શાળાએ જતા વિદ્યાર્થીઓ, ખેતમજૂરો અને સામાન્ય લોકો સતત અવરજવર કરે છે. ભવિષ્યમાં જો કોઈ મોટી દુર્ઘટના કે જાનહાનિ થશે તો એની જવાબદારી કોની રહેશે? ગ્રામજનોએ સરકાર અને રેલવે/વીજ તંત્ર પાસે માંગ કરી છે કે આ જીવલેણ સમસ્યાનું વહેલી તકે નિવારણ લાવવામાં આવે અને પીડિત પશુપાલકને થયેલા નુકસાન સામે યોગ્ય વળતર ચૂકવવામાં આવે.

**PGVCL ની બેદરકારી સામે ગ્રામજનોમાં જોવા મળ્યો ભારે રોષ**

# ગઢડામાં જળઝીલણી ઉત્સવ સમયે નદીમાં હોડી ડૂબી, મોટી દુર્ઘટના ટળી

## સેવાધારીઓની સમયસૂચકતાથી તમામ ભક્તોનો આબાદ બચાવ; સદનસીબે કોઈ જાનહાનિ નહીં

ગઢડા,તા.૨૩

ગઢડા સ્થિત ગોપીનાથજી દેવ મંદિર દ્વારા પવિત્ર અગિયારસના પ્રસંગે ઘેલા નદીના કાંઠે જળઝીલણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર જળમાં ભગવાનને શણગારેલી હોડીમાં બિરાજમાન કરી ઉત્સવ મનાવાઈ રહ્યો હતો ત્યારે અચાનક હોડીનું સંતુલન બગાડતાં તે નદીમાં ડૂબવા લાગી હતી. આ ઘટનાથી ક્ષણભર માટે હજારો ભક્તોમાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો.

જોકે, સ્થળ પર હાજર સેવાધારીઓ અને ભક્તોએ ત્વરિત સમયસૂચકતા દાખવી તાત્કાલિક પાણીમાં કૂદીને બચાવ કામગીરી હાથ ધરી હતી. સુઆયોજિત કામગીરીના પરિણામે હોડીમાં સવાર તમામ લોકોને ઈજા કે જાનહાનિ વગર સુરક્ષિત બહાર કાઢી લેવાયા હતા. સેવાધારીઓની સતર્કતાથી મોટી હોનારત ટળતાં હરિભક્તો અને મંદિર તંત્રે હરિનો આભાર માની રાહતનો શ્વાસ લીધો હતો.

# તહેવારોને લઈને ભાવનગર રેલ મંડળમાં સુરક્ષા અને ભીડ વ્યવસ્થાપન માટે મજબૂત વ્યવસ્થા

## નવરાત્રી, દિવાળી અને છઠ પૂજા દરમિયાન પશ્ચિમ રેલવે દ્વારા વ્યાપક તૈયારીઓ; RPF-GRPનો વધારાનો કાફલો તૈનાત

ભાવનગર,તા.૨૩

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડલ દ્વારા ગણેશ ઉત્સવ તેમજ આગામી નવરાત્રી, દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન મુસાફરો તથા શ્રદ્ધાળુઓની સરળ, સુરક્ષિત અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે. મંડલ રેલ પ્રબંધક દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ મુખ્ય સ્ટેશનો પર વધારાની ભીડના સુવ્યવસ્થિત સંચાલન તથા સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવી છે.


વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે તહેવારો દરમિયાન મુસાફરોની સુવિધા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને મુખ્ય સ્ટેશનો, પ્લેટફોર્મ, ફૂટ ઓવર બ્રિજ તેમજ પ્રવેશ-નિકાસ દ્વારો પર RPF અને GRPના વધારાના જવાનોની તૈનાતી કરવામાં આવી છે. સાથે જ CCTV મારફતે ૨૪ કલાક સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

મહિલાઓ અને પરિવારોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહિલા કોચમાં વિશેષ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે તેમજ સ્ટેશન પરિસરમાં મહિલા સુરક્ષા કર્મચારીઓની તૈનાતી કરવામાં આવી છે. મુસાફરોને PA System તથા ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ દ્વારા ટ્રેનોના આવાગમન અંગેની માહિતી નિયમિતપણે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. કટોકટીની પરિસ્થિતિમાં ઝડપી સહાય માટે મુખ્ય સ્ટેશનો પર RPF સહાયતા બૂથ સક્રિય કરવામાં આવ્યા છે તેમજ ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT)ને તૈયાર રાખવામાં આવી છે. આ ઉપરાંત, અનધિકૃત ટિકિટ દલાલી પર નિયંત્રણ લાવવા માટે વિશેષ તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે. પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરો તથા શ્રદ્ધાળુઓને અપીલ કરવામાં આવે છે કે તેઓ રેલ મુસાફરી દરમિયાન નિયમોનું પાલન કરે, રેલવે પાટા પર અનધિકૃત રીતે ન જાય અને રેલવે દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકાનું પાલન કરીને સુરક્ષિત તથા સુખદ મુસાફરી કરે.

# સોનગઢમાં જલઝીલણી એકાદશીએ વાજતે-ગાજતે ઠાકોરજીની પાલખીયાત્રા નીકળી



## રબારી સમાજ દ્વારા લાલ પાઘડી અને ભાતીગળ પહેરવેશમાં સામૈયા કરાયા; સમગ્ર ગામ ભક્તિના રંગમાં તરબોળ



ભાવનગર,તા.૨૩

સોનગઢ ગામે પવિત્ર જલઝીલણી અગિયારસના પ્રસંગે પરંપરાગત રીતે ઠાકોરજીની નગરયાત્રા અત્યંત શ્રદ્ધા અને ઉલ્લાસપૂર્વક કાઢવામાં આવી હતી. બસ સ્ટેન્ડ ખાતેથી તબલા, ઝાંઝ અને શંખનાદના જયઘોષ સાથે વાજતે-ગાજતે નીકળેલી ઠાકોરજીની પાલખીયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

પાલખીયાત્રા જ્યારે જૂના પાલીતાણા રોડ પર પહોંચી ત્યારે સોનગઢ રબારી સમાજ દ્વારા પુષ્પહાર, ગુલાલની છોળો અને ડી.જે.ના તાલ સાથે ભવ્યાતિભવ્ય સામૈયા કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રબારી સમાજના પુરુષો લાલ પાઘડીમાં અને મહિલાઓ પરંપરાગત ભાતીગળ કાળી ઓઢણી તથા ચણિયાચોળીના પોશાકમાં સજ્જ થઈને જોડાયા હતા, જેનાથી સમગ્ર વિસ્તાર ઉત્સવમય બની ગયો હતો.

આ ધાર્મિક મહોત્સવમાં પૂર્વ સિહોર તાલુકા પ્રમુખ મનુભાઈ દીક્ષિત પોતાની કર્મભૂમિ સોનગઢ ખાતે દર વર્ષની જેમ ખાસ ઉપસ્થિત રહી ભાવભક્તિમાં લીન થયા હતા.સમગ્ર ભક્તિમય કાર્યક્રમને સફળ બનાવવા માટે રામજી મંદિરના પૂજારી રાધેશ્યામબાપુ, ભરતબાપુ, જયૂભા ગોહિલ, ગુણુભાઈ ખસિયા, ગીરીરાજસિંહજી, ભરતભાઈ મકવાણા તથા ક્ષત્રિય સમાજના યુવાનોએ વિશેષ માર્ગદર્શન અને જહેમત ઉઠાવી હતી.

# વિદેશી દારૂની પ્રવૃત્તિમાં સંડોવાયેલા ૩ બુટલેગરો પાસા તળે જેલમાં ધકેલાયા

**જિલ્લા કલેક્ટર દ્વારા પાસા વોરંટ ઈશ્યૂ કરાતાં એલસીબી અને મહુવા ટાઉન પોલીસે હાથ ધરી કડક કાર્યવાહી**



ભાવનગર,તા.૨૩

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા મહુવા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા ઈંગ્લિશ દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા ઈસમો વિરૂદ્ધ પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરીને ભાવનગર જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલી આપવામાં આવી હતી, જે દરખાસ્તને જિલ્લા મેજિસ્ટ્રેટે માન્ય રાખીને પાસા વોરંટ ઈશ્યૂ કર્યા છે.

આ પાસા વોરંટની તાત્કાલિક બજવણી કરીને પોલીસે તમામ આરોપીઓને રાજ્યની અલગ-અલગ જેલમાં મોકલી આપવાની કાર્યવાહી કરી છે. જેમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કથીવદર પરા (તા. રાજુલા, જી. અમરેલી)ના ૨૬ વર્ષીય અર્જુનભાઈ મથુરભાઈ સોલંકી સામે પાસા હુકમ બજાવીને અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે. જ્યારે મહુવા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા મહુવાના દુધાળા ગામના વાડી વિસ્તારમાં રહેતા ૩૯ વર્ષીય ચકુરભાઈ માધાભાઈ જોળીયાને ભુજની ખાસ જેલ ખાતે તથા હાલ રાજકોટના પીપલાણા ગામે રહેતા અને મૂળ જામનગરના ૩૩ વર્ષીય કેવલભાઈ ઉર્ફે પેન્ટર રમેશભાઈ બાંભણીયાને અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યા છે.

# ભાવનગરમાં ‘મોબાઈલની નજરે’ રાજ્યકક્ષાનું એકલ છબીકલા પ્રદર્શન યોજાશે

ભાવનગર,તા.૨૩

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાયથી ભાવનગરના તસવીરકાર દિપક શાંતિલાલ સોલંકી (ગોપાલ માળી) દ્વારા રાજ્યકક્ષાનું એકલ છબીકલા પ્રદર્શન ‘મોબાઈલની નજરે’ યોજાશે.

‘કુદરતની અનુભૂતિ : ક્ષણોની સંવેદના’ વિષય સાથે યોજાનારા આ પ્રદર્શનમાં મોબાઈલના સામાન્ય કેમેરાથી કંડારાયેલી ૩૦ કલાત્મક તસવીરો રજૂ કરવામાં આવશે. પ્રકૃતિ, પશુ-પક્ષીઓ, ગ્રામ્ય અને શહેરી જીવન, ગુજરાતની ધરોહર, સ્થાપત્ય તેમજ રોજિંદા જીવનની અણદીઠી ક્ષણોની અનોખી ઝલક આ તસવીરોમાં જોવા મળશે.

આ પ્રદર્શન ૩, ૪ અને ૫ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન સરદારનગર સ્થિત ખોડીદાસ પરમાર આર્ટ ગેલેરી ખાતે યોજાશે. મુલાકાતીઓ માટે પ્રવેશનો સમય સવારે ૯ થી બપોરે ૨ અને સાંજે ૪ થી રાત્રે ૮ વાગ્યા સુધી રહેશે.

કલા પ્રદર્શનનું વિધિવત્ ઉદ્ઘાટન શનિવાર, ૩ ઓક્ટોબરના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ભાવનગર મહાનગરપાલિકાના મેયર ઉષાબેન તલરેજા તથા માલતીબેન શાંતિભાઈ સોલંકીના હસ્તે થશે.



આ ઉપરાંત ૪ ઓક્ટોબરના રોજ ભાવનગર સ્ટેટના યુવરાજ જયવીરરાજસિંહ ગોહિલ ખાસ ઉપસ્થિત રહી પ્રદર્શનની મુલાકાત લેશે. આ પ્રસંગે ભાવનગર જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલ (I.A.S.), ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, સ્થાયી સમિતિના ચેરમેન કિશનભાઈ મહેતા, શાસકપક્ષના નેતા લાલભા વાળા, દંડક રીંકુબેન માંગુકીયા તેમજ સિનિયર ફોટોગ્રાફર અમુલભાઈ પરમાર સહિતના ઉપસ્થિત રહેશે.

સામાન્ય મોબાઈલ કેમેરાથી પણ કલાત્મક અને સંવેદનશીલ તસવીરો સર્જી શકાય છે તેવો સંદેશ આપતું આ પ્રદર્શન દૃશ્યની સાથે દૃષ્ટિકોણનો અનુભવ કરાવશે. તસવીરકાર દિપક સોલંકી દ્વારા કલાપ્રેમી જનતાને આ અનોખું તસવીર પ્રદર્શન નિહાળવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**૩ થી ૫ ઓક્ટોબર દરમિયાન ખોડીદાસ પરમાર આર્ટ ગેલેરી ખાતે આયોજન ; વિવિધ અગ્રણીઓ રહેશે ઉપસ્થિત**

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# શરદ સંપાત: દિવસ અને રાત ૧૨-૧૨ કલાક સમાન રહેશે

## સૂર્યના તુલા રાશિમાં પ્રવેશથી પૃથ્વી પર ઋતુચક્ર બદલાશે; હવેથી દિવસ ટૂંકો અને રાત લાંબી થશે

ભાવનગર,તા.૨૩

સૂર્યમાળાની વિશિષ્ટ ખગોળીય ઘટના અનુસાર ૨૩ સપ્ટેમ્બરે સૂર્યના તુલા રાશિમાં પ્રવેશ સાથે જ પૃથ્વી પર દિવસ અને રાત્રીનો સમય એક સરખો ૧૨-૧૨ કલાકનો રહેશે, જેને ખગોળશાસ્ત્રમાં 'તુલા બિંદુ' અથવા 'શરદ સંપાત' કહેવામાં આવે છે. પૃથ્વી પરનું સમગ્ર ઋતુચક્ર સૂર્યની ગતિ અને ભ્રમણકક્ષામાં અંતરની વધઘટને આધીન છે, જેના કારણે આપણા હવામાનમાં ક્રમશઃ ફેરફાર જોવા મળે છે.

અવકાશ શાસ્ત્રીઓ દ્વારા ચોકસાઈપૂર્વક બનાવાયેલા ગાણિતિક પંચાંગ મુજબ ૨૩મી સપ્ટેમ્બરે વહેલી સવારે ૫:૩૫ વાગ્યે સૂર્ય તુલા રાશિમાં પ્રવેશ્યો છે. આ દિવસે સૂર્ય અને પૃથ્વીના ખગોળીય બિંદુકક્ષને કારણે સમગ્ર પૃથ્વી પર દિવસ અને રાત ૧૨-૧૨ કલાકના સમાન રહે છે, આવી જ ઘટના ૨૧મી માર્ચે પણ બને છે જયારે સૂર્યના મેષ રાશિમાં પ્રવેશથી મેષ બિંદુ સર્જાય છે. ૨૩ સપ્ટેમ્બર પછીથી સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચેનું અંતર ઘટતું જશે, જેના પરિણામે દિવસનો સમય ટૂંકો અને રાત્રિનો સમય લાંબો થતો જશે અને ૨૨ ડિસેમ્બરે વર્ષનો સૌથી નાનો દિવસ તથા સૌથી લાંબી રાત અનુભવાશે.

આ ઋતુચક્રનું મુખ્ય કારણ સૂર્ય ફરતે પરિભ્રમણ કરતી વખતે પૃથ્વીનું ૨૩.૫ અંશ ઉત્તર તરફ ઝૂકેલું રહેવું છે. ગુજરાતના વિવિધ શહેરોમાં ભાવનગરમાં સૂર્યોદય ૬:૩૦ વાગ્યે અને સૂર્યાસ્ત ૬:૩૭ વાગ્યે (દિવસની અવધિ ૧૨ કલાક ૭ મિનિટ), અમદાવાદમાં સૂર્યોદય ૬:૨૯ અને સૂર્યાસ્ત ૬:૩૪ (૧૨ કલાક ૫ મિનિટ), રાજકોટમાં સૂર્યોદય ૬:૩૬ અને સૂર્યાસ્ત ૬:૪૦ (૧૨ કલાક ૪ મિનિટ), સુરતમાં સૂર્યોદય ૬:૨૯ અને સૂર્યાસ્ત ૬:૩૪ (૧૨ કલાક ૫ મિનિટ) તેમજ મુંબઈમાં સૂર્યોદય ૬:૨૮ અને સૂર્યાસ્ત ૬:૩૪ (૧૨ કલાક ૬ મિનિટ) નોંધાયો છે. ખગોળશાસ્ત્ર અનુસાર સૂર્ય, ચંદ્ર અને અન્ય ગ્રહોની અસર સમજવા માટે કલ્પિત ૩૬૦ અંશની ભ્રમણકક્ષાને ૧૨ સરખા ભાગમાં વહેંચીને રાશિઓના નામ આપવામાં આવ્યા છે, જેમાં ભ્રમણ દરમિયાન સૂર્ય એક રાશિમાં અંદાજિત એક માસ અને દસ કલાક જેટલો સમય રહે છે.

# મહુવામાં ચાર સવારીમાં સ્ટંટ કરી દોડતા એક્ટિવા સાથે ત્રણ ઝડપાયા, એક ફરાર

## ચાર સવારી એક્ટિવા પર વચ્ચે બેઠેલા બે શખ્સો ઉભા રહીને સ્ટંટ કરતા હતા

ભાવનગર,તા.૨૩

ભાવનગર જિલ્લાના મહુવા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રી પેટ્રોલીંગ દરમિયાન પોલીસે જોખમી સ્ટંટ કરીને લોકોની જિંદગી જોખમમાં મૂકનાર શખ્સો સામે લાલ આંખ કરી છે. પોલીસે પૂરઝડપે અને બેફિકરાઈથી એક્ટિવા ચલાવીને સ્ટંટ કરતા ત્રણ યુવકોને ઝડપી પાડ્યા છે, જ્યારે એક શખ્સ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

મહુવા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.વી. પરમાર તથા સ્ટાફના જવાનો રાત્રી પેટ્રોલીગમાં હતા. તે દરમિયાન જનતા પ્લોટ વિસ્તારમાં મગન કરશનના પુતળા પાસે એક એક્ટિવા મોટરસાયકલ પર ચાર યુવકો બેફામ અને જોખમી રીતે સ્ટંટ કરી રહ્યા હતા.આ ચાર સવારી એક્ટિવા પર વચ્ચે બેઠેલા બે શખ્સો ઉભા રહીને સ્ટંટ કરતા હતા અને પાછળ બેઠેલ ઈસમ તેમને સપોર્ટ કરી રહ્યો હતો. પોલીસે તાત્કાલિક એક્ટિવાને રોકાવતા પાછળ બેઠેલો એક શખ્સ કૂદીને નાસી ગયો હતો, જ્યારે અન્ય ત્રણ શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા:

પોલીસે એક્ટિવા ચાલક કુલદીપભાઈ કિશોરભાઈ મકવાણા (ઉ.વ. ૨૫, રહે. જનકપુરી સોસાયટી, મહુવા) - જેની પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ નહોતું, પાછળ બેઠેલ ઈસમ આકાશભાઈ છગનભાઈ શિયાળ (ઉ.વ. ૨૦, રહે. જનતા પ્લોટ, મહુવા) તથા અન્ય ઈસમ મનોજભાઈ રમેશભાઈ જમોડ (ઉ.વ. ૨૦, રહે. કુટીર નિવાસ, જનતા પ્લોટ, મહુવા)ને ઝડપી લીધા હતા.તેમજ વિજયભાઈ ઉર્ફે લાલો ડોળાસીયા (રહે. જનતા પ્લોટ, મહુવા) ફરાર થયો હતો પોલીસે એક્ટિવા મોટરસાયકલ નં. GJ-01-XS-7373 કિંમત રૂ. ૫૦,૦૦૦ કબ્જે કરી પકડાયેલા ત્રણેય આરોપીઓની ધોરણસર અટકાયત કરી તમામ વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૨૮૧, ૫૪ તથા એમ.વી. એક્ટ કલમ ૧૮૪, ૧૭૭ મુજબ ગુનો નોંધીને આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# ચોંકાવનારું તારણ : ૧૦ વર્ષની નાની ઉંમરના બાળકો દારૂ-નશાની ઝપેટમાં !: દેશમાં ૧૬ કરોડ લોકો આલ્કોહોલ અને ૩.૧ કરોડ યુવાનો ગાંજાના વ્યસની

## વિદ્યાર્થીઓની કુમળી વયે વધતા વ્યસન સામે ભાવનગરમાં કાકડીયા બી.એડ. કોલેજ ખાતે યોજાયો જાગૃતિ સેમિનાર; ફિલ્મોમાં ડ્રગ્સને સ્ટેટસ સિમ્બોલ દર્શાવવા સામે લાલબત્તી



### વિદ્યાર્થીઓને આ માર્ગેથી વાળવા માટે શિક્ષકોએ 'મિત્ર' બનવું પડશે

કાર્યક્રમના બીજા તબક્કામાં મનોચિકિત્સક ડૉ. કેયુર પરમારે નશા પાછળ મગજના ન્યુરોટ્રાન્સમીટર 'ડોપામાઈન'ની ભૂમિકા સમજાવી ઉમેર્યું હતું કે વ્યસનમુક્તિ એ ૬ મહિનાની સતત પ્રક્રિયા છે અને વિદ્યાર્થીઓને આ માર્ગેથી વાળવા માટે શિક્ષકોએ 'જજ' બનવાને બદલે તેમના 'મિત્ર' અને 'રોલ મોડેલ' બનવું પડશે.

ભાવનગર,તા.૨૩

લક્ષ્મીબેન એલ. કાકડીયા બી.એડ. કોલેજ તથા રોટરી ક્લબ ઓફ ભાવનગર રાઉન્ડ ટાઉનના સંયુક્ત ઉપક્રમે સરદાર પટેલ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટ સંકુલ ખાતે આચાર્ય ડૉ. કિશોરભાઈ ભટ્ટના નેતૃત્વ અને પ્રાધ્યાપક ડૉ. જલ્પાબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ 'ડ્રગ્સ ફ્રી નેશન - ડ્રગ્સ ફ્રી જનરેશન અવેરનેસ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વક્તા પ્રોફેસર હિમલ પંડ્યાએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરેલા આંકડામાં સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી હતી કે દેશમાં માત્ર ૧૦ વર્ષની નાની વયના બાળકોથી લઈને ૭૫ વર્ષ સુધીના ૧૬ કરોડ લોકો દારૂના વ્યસનમાં સપડાયેલા છે, જ્યારે ૩.૧ કરોડ યુવાનો ગાંજાના અને ૨૬ લાખ લોકો અફીણ જેવા ગંભીર નશાના ભોગ બનેલા છે. વિદ્યાર્થીઓમાં નાની ઉંમરે જ આ દૂષણ ઘર કરી જવા પાછળ પરીક્ષાનું ભારણ, કારકિર્દીની ચિંતા, પ્રેમ સંબંધો, હોસ્ટેલ જીવન, તણાવ અને એકલતા જેવા આંતરિક કારણો ઉપરાંત મિત્રોનું દબાણ તથા ફિલ્મોમાં ડ્રગ્સને ફેશન કે સ્ટેટસ સિમ્બોલ તરીકે દર્શાવવાની વિકૃત માનસિકતા મુખ્યત્વે જવાબદાર હોવાનું સ્પષ્ટ કરાયું હતું. આ તકે રોટરી ક્લબના પ્રેસિડેન્ટ હિરલબેન ઓઝા, સેક્રેટરી મહર્ષિ ઓઝા સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં તમામ તાલીમાર્થીઓએ ડ્રગ્સ મુક્ત સમાજ ઘડવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો.

# અમરેલી જિલ્લામાં મેઘમહેર વચ્ચે નદીના પાણીમાં સિંહનો ધુબાકો



અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં સૌથી વધુ સિંહ પરિવારનો વસવાટ છે. અને હાલ જિલ્લામાં વરસાદી વાતાવરણ પણ જોવા મળે છે. જેને લઈ નદી નાળામાં પાણી વહેતા હોય, ત્યારે ગીરકાંઠા પંથકમાં સિંહોની અવરજવર પણ વધી રહી છે. આ વચ્ચે ચલાલા નજીકના ધારગણી ગામ પાસેથી પસાર થતી શેલ નદીમાં ત્રણ સિંહો પાણીમાંથી પસાર થઈ રહ્યા હોવાનો અદભૂત વીડિયો સામે આવ્યો છે. નદીમાં પાણીનો પ્રવાહ ચાલુ હોવા છતાં એક સિંહે નદીમાં ધૂબાકો મારી પાણીમાંથી કૂદકો લગાવી સામેના કાંઠે પહોંચતો નજરે પડે છે. વનરાજના આ દશ્યોનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વન્ય જીવપ્રેમીઓમાં ભારે ચર્ચા જાગી છે.

આ બનાવમાં ધારી તાલુકાના ચલાલા નજીક આવેલ ધારગણી ગામ પાસે આવેલી શેલ નદીના કાંઠે સિંહોનો વસવાટ જોવા મળે છે.

# મોટા ખુંટવડા પોલીસે દારૂની ૪૧૨ બોટલ સાથે ૭૬ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભાવનગર,તા.૨૩

ભાવનગર જિલ્લાના મોટા ખુટવડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે વોચ ગોઠવી પોલીસે બે બાઈક પર વિદેશી દારૂના મોટા જથ્થા સાથે નીકળેલા ત્રણ શખ્સોને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી આ રેડ દરમિયાન પોલીસે બે મોટરસાયકલ અને ઈંગ્લીશ દારૂનો જથ્થો સહીત મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, મોટા ખુટવડા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.જે. યાદવ તથા સ્ટાફના જવાનો રાત્રી પેટ્રોલીગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે બેલમપરથી મહુવા તરફ બે મોટરસાયકલ પર વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે.

આ બાતમીના આધારે પોલીસે રાજાવદર ચોકડી પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન ત્યાંથી પસાર થતા બે મોટરસાયકલને રોકીને તપાસ કરતા તેમાં કંતાનની થેલીઓમાંથી જુદી-જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની બોટલો (ચપટા) મળી આવી હતીઃ

જેમાં પ્રથમ મોટરસાયકલ (GJ-05-TD-2288) ચાલક કિશનભાઈ બધાભાઈ ગોહિલ અને પાછળ બેસેલ પોપટભાઈ ઉર્ફે પાચુ આલુભાઈ ચાવડા પાસેથી 'આઈકોનિક વ્હાઈટ' અને 'સ્ટર્લિંગ રિઝર્વ' ની કુલ ૨૩૭ બોટલો મળી આવી હતી.જયારે બીજું મોટરસાયકલ (GJ-05-TG-3887) ચાલક રાજેશકુમાર ઉર્ફે રાજુ મંગાભાઈ ધુંઘળવા પાસેથી 'રોયલ ચેલેન્જ' ની ૧૭૫ બોટલો મળી આવી હતી. પોલીસે કુલ ૪૧૨ બોટલ (કિંમત રૂ. ૩૬,૨૧૦) તેમજ બે મોટરસાયકલ (કિંમત રૂ. ૪૦,૦૦૦) મળી કુલ ૭૬,૨૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ રેડ દરમિયાન અંધારાનો લાભ લઈને ભરતભાઈ સોમાતભાઈ ગોહિલ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પકડાયેલા આરોપીઓએ આ દારૂ વાઘવદરડા ગામના સંજયભાઈ ગોવિંદભાઈ સાંખટ પાસેથી લાવ્યા હોવાનું કબૂલ્યું છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટનીકલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પવનચક્કીની વીજ લાઈને લીધો રાષ્ટ્રીય પક્ષીનો ભોગ

અમરેલી,તા.૨૩

જાફરાબાદ તાલુકાના ભટવદર ગામે પવનચક્કીની હાઈવોલ્ટેજ વીજલાઈન અબોલ પક્ષીઓ માટે જીવલેણ સાબિત થઈ રહી હોવાનો બનાવ સામે આવ્યો છે. ગામમાં ખેડૂત ભરતભાઈની વાડી નજીકથી પસાર થતી વીજલાઈનમાં કરંટ લાગતાં રાષ્ટ્રીય પક્ષી મોરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

જાફરાબાદના ભટવદર ગામે મોર હાઈ વોલ્ટેજ વીજલાઈનના સંપર્કમાં આવતાં તેને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો અને ઘટનાસ્થળે જ તેનું મોત થયું હતું. આ બનાવની જાણ થતાં ગ્રામજનો તેમજ પર્યાવરણપ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો હતો.ઘટનાની જાણ થતાં સ્થાનિક આગેવાન જીતેન્દ્રભાઈ વરૂ, અજયભાઈ વાળા સહિત પર્યાવરણપ્રેમીઓ સ્થળ પર દોડી ગયા હતા. વનવિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃત મોરને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. પર્યાવરણપ્રેમીઓએ આ ઘટનાને ગંભીર ગણાવી પવનચક્કી કંપનીની વીજલાઈનોની સલામતી વ્યવસ્થા સામે સવાલો ઉઠાવ્યા છે.ખુલ્લી વીજલાઈનો પર તાત્કાલિક સુરક્ષાત્મક પ્રોટેક્શન લગાવવામાં આવે અથવા પક્ષીઓ માટે જોખમ ન સર્જાય તેવી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે અને વધુ પક્ષીઓ વીજ કરંટનો ભોગ ન બને તે માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# હવે ટ્રેન કે સ્ટેશન પર ગંદકી કરનારને રૂપિયા એક હજાર સુધીનો દંડ થશે

## 'જન વિશ્વાસ અધિનિયમ-૨૦૨૬' હેઠળ ૩૧ કેસ નોંધાયા; ભાવનગર રેલવે મંડળે રૂ. ૪૦,૫૦૦ નો દંડ વસૂલ્યો

ભાવનગર,તા.૨૩

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રેલવે પરિસરો અને ટ્રેનોમાં સ્વચ્છતા સુનિશ્ચિત કરવા તથા મુસાફરોને આરોગ્યપ્રદ અનુભવ પૂરો પાડવા માટે વ્યાપક જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

આ અંતર્ગત રેલવે બોર્ડ દ્વારા 'જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારા) અધિનિયમ, ૨૦૨૬' હેઠળ ભારતીય રેલવે નિયમોમાં મહત્વના સુધારા જાહેર કરાયા છે. નવા પ્રાવધાનો મુજબ રેલવે પરિસરમાં ગંદકી કે સ્વચ્છતાને અસર કરતી પ્રવૃત્તિઓ કરવા બદલ રૂ. ૧,૦૦૦ની પેનલ્ટીની જોગવાઈ છે. જો પેનલ્ટી ન ચૂકવાય, તો સંબંધિત વ્યક્તિને અદાલત સમક્ષ રજૂ કરાશે, જ્યાં રૂ. ૨,૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે.

નવો કાયદો અમલી બન્યા બાદ ભાવનગર મંડળમાં અત્યાર સુધીમાં સ્વચ્છતા સંબંધિત કુલ ૩૧ કેસ નોંધી રૂ. ૪૦,૫૦૦ ની દંડકીય વસૂલાત કરવામાં આવી છે.

ભાવનગરના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે, આ નિયમોનો મુખ્ય હેતુ માત્ર દંડ કરવાનો નથી, પરંતુ મુસાફરોમાં સ્વચ્છતા પ્રત્યે જવાબદારી અને જાગૃતિ વધારવાનો છે. રેલવે પ્રશાસને તમામ મુસાફરોને સ્વચ્છતા જાળવવામાં સહયોગ આપવા અપીલ કરી છે.

# સાવરકુંડલામાં ગણપતિ બાપ્પાનો ૨૫ લાખની નોટો અને ડોલરથી શણગાર!

## પંડાલમાં ભારતીય રૂપિયા સાથે અમેરિકી ડોલરની સજાવટ આકર્ષણનું કેન્દ્ર બની, 'લખપતિ ગણપતિ'ના દર્શને ભક્તો ઉમટ્યાં

અમરેલી,તા.૨૩

અમરેલીના સાવરકુંડલા શહેરમાં 'લખપતિ ગણપતિ'નો અનોખો શણગાર લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. અહીં ગણપતિ બાપ્પાને ૨૫ લાખ રૂપિયાની ભારતીય ચલણી નોટો અને ડોલરથી સજાવવામાં આવ્યા છે. આ શણગાર જોવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે. સાવરકુંડલાના સેવાભાવી સદભાવના ગ્રુપ દ્વારા આ ગણેશ પંડાલ તૈયાર કરાયો છે. ગ્રુપના ગણેશ પંડાલમાં વિરાટ ગણેશજીની પ્રતિમાની આસપાસ રૂ.૧૦ થી લઈને રૂ.૫૦૦ સુધીની ભારતીય ચલણી નોટો અને ડોલરનો ખાસ શણગાર કરાયો છે.

આ અનોખો શણગાર જોવા માટે સાવરકુંડલા શહેર ઉપરાંત રાજુલા, જાફરાબાદ, ધારી, બગસરા, વડીયા સહિતના વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા આવી રહ્યા છે.





સદભાવના ગ્રુપ છેલ્લા ૧૫ વર્ષથી ગણેશ મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે. ગણેશ મહોત્સવના દસ દિવસ દરમિયાન દરરોજ ગણપતિ બાપ્પાને અલગ-અલગ પ્રકારના શણગાર કરાઈ છે.

આ વર્ષે ભારતીય ચલણી નોટો સાથે ડોલરનો પણ સમાવેશ થતા 'લખપતિ ગણપતિ'નો શણગાર ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. પંડાલમાં ગણપતિજીની આસપાસ કરાયેલા ચલણી નોટોના શણગારને જોઈને દર્શનાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભક્તો બાપ્પાના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. દર્શનાર્થી જયેશભાઈએ જણાવ્યું કે, હું સદભાવના ગ્રુપ દ્વારા આયોજીત ગણેશમહોત્સવમાં દસ-પંદર વર્ષથી દર્શન કરવા આવું છું. આ વર્ષે બહુ સરસ આયોજન કર્યું છે. રૂ. ૧૦, રૂ.૨૦, રૂ.૫૦, રૂ.૧૦૦ અને રૂ. ૨૦૦ની નોટોની સાથે આ વખતે ડોલર પણ ગોઠવ્યા છે, જે અદભુત છે.

સદભાવના ગ્રુપના રાજુ નાગ્રેચાએ જણાવ્યું કે, દર વર્ષની જેમ ગણેશ મહોત્સવનું આ વખતે પણ આયોજન થયું છે. સદભાવના ગ્રુપ ફક્ત ને ફક્ત સેવાકીય પ્રવૃત્તિના લાભાર્થે આ ગણેશ મહોત્સવનું આયોજન કરે છે. રોજ અલગ-અલગ થીમના દર્શન હોય છે. બે દિવસ પહેલા અમરનાથની ગુફાના દર્શન હતા. સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત રૂપિયાની સાથે અમેરિકન ડોલરના પણ શણગાર કરાયો છે.

# ત્રણ દિવસના વિરામ બાદ રાજુલા-લાઠી-સાવરકુંડલા બાદ લીલીયા પંથકમાં ગઈકાલે ધોધમાર વરસાદ







અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં ત્રણેક દિવસના વિરામ બાદ ગઈકાલે ફરી એક વખત મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. ભાદરવા માસમાં રાજુલા પંથકથી શરૂ થયેલી મેઘમહેર ધીમે ધીમે લાઠી, સાવરકુંડલા અને લીલીયા પંથક સુધી પહોંચી હતી. અનેક ગામોમાં વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબકતા રસ્તાઓ અને શેરીઓમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા, જ્યારે ખેતરો પણ જળબંબાકાર બન્યા હતા. લાંબા સમયથી સારા વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં વરસાદથી ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. રાજુલા શહેર અને ગ્રામ્ય પંથકમાં ત્રણેક દિવસના વિરામ બાદ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી હતી. રાજુલાના વડ, છતડીયા, કડિયાળી અને હિંડોરણા સહિતના ગામોમાં વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ પડ્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ બાદ રાજુલા શહેરમાં પણ વરસાદે જોર પકડતા રસ્તાઓ પર પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. રાજુલાના સૂર્ય બંગલો સોસાયટી નજીક રોડ ઉપર વરસાદી પાણી ભરાઈ ગયા હતા, જ્યારે શહેરના હવેલી ચોકમાં ધોધમાર વરસાદના પગલે જાણે નદી વહેતી હોય તેવા દશ્યો સર્જાયા હતા.

અનુ.પાના ૮નું શરૂ...

## આગ સહિતની ઘટનાઓમાં હવે માત્ર

વાહનોમાં જીપીએસ ટ્રેકર સિસ્ટમ અને ડિજિટલ ટેબ્લેટ ઈન્સ્ટોલ કરી દેવાયા છે. આગામી દિવસોમાં આ વાહનો પર હાઈટેક કેમેરા પણ લગાવવામાં આવશે. આ સુવિધાથી ૧૧૨ કંટ્રોલ રૂમની સ્ક્રીન પર જ ઘટનાસ્થળથી સૌથી નજીક રહેલા ફાયર ટેન્ડરની લાઈવ પોઝિશન દેખાશે. મહાનગરપાલિકા દ્વારા શહેરની જાહેર જનતાને ખાસ અપીલ કરવામાં આવી છે કે હવેથી આગ, અકસ્માત કે અન્ય કોઈપણ ઈમરજન્સી સ્થિતિમાં માત્ર ૧૧૨ નંબર પર જ સંપર્ક કરવાનો રહેશે. જ્યારે, મોક્ષ રથ અને શબવાહિનીની સેવાઓ માટે અલગથી ખાસ નંબરો જાહેર કરવામાં આવ્યા છે. મોક્ષ રથ કે શબવાહિની મેળવવા માટે નાગરિકોએ ૬૩૫૭૯ ૯૯૧૦૦ અથવા ૬૩૫૭૯ ૯૯૧૦૧ નંબર પર કોલ કરવાનો રહેશે.

**પશ્ચિમ રેલવે ભાવનગર વર્કશોપ**

**બોગી ફ્રેમની સફાઈ અને પેઇન્ટિંગ**


**ઇ-ટેન્ડર નંબર: BVPW-2026-27-Bogie-13; કાર્યનું નામ:** કામના વ્યાપ મુજબ બોગી ફ્રેમ તથા તેના ઘટકોની શોટ / ગ્રિટ બ્લાસ્ટિંગ દ્વારા સફાઈ તથા સાફ કરાયેલા બોગી ફ્રેમ અને તેના ઘટકોનું પેઇન્ટિંગ કરવું. **કામની અંદાજિત કિંમત:** ₹ 1,09,63,732.80/-; **બિડ સિક્યોરિટી:** ₹ 2,19,300/-; **કાર્ય પૂર્ણ કરવાની અવધિ:** LOA જારી કર્યાની તારીખથી 24 મહિના; **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય:** 12/10/2026, 15:00 કલાકે. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 12/10/2026, 15:30 કલાકે. **વેબસાઇટની વિગતો:** ટેન્ડર ફક્ત ઇલેક્ટ્રોનિક રીતે વેબસાઇટ https://www.ireps.gov.in પર સબમિટ કરવામાં આવશે. **જારીકર્તા:** ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર-364003, પશ્ચિમ રેલવે; **ઇમેલ:** dycmews@bvp.railnet.gov.in

BVP – 133

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રૂ. ૩૩ કરોડના ખર્ચે નવનિર્મિત કલેક્ટર કચેરીનું કરશે લોકાર્પણ

**શહેરની ૬૫ વર્ષ જૂની કચેરી હવે વિદ્યાનગર ખસેડાશે ; ૧૭,૫૦૦ ચોરસ મીટરમાં નિર્મિત સંકુલમાં તમામ વહીવટી સેવાઓ એક જ છત નીચે મળશે ; મહાપાલિકા દ્વારા ૧૦૦ કરોડથી વધુના વિકાસકામોના મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ ખાતમુહુર્ત માટે ગોઠવાતો તખ્તો**





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૩

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી ૨૫ સપ્ટેમ્બરના રોજ ભાવનગર શહેરની મુલાકાતે આવી રહ્યા છે, જ્યાં તેઓ રૂ. ૩૩ કરોડના જંગી ખર્ચે નવનિર્મિત અદ્યતન કલેક્ટર કચેરીનું લોકાર્પણ કરશે. શહેરની મધ્યમાં આવેલી આશરે ૬૫ વર્ષ જૂની કલેક્ટર કચેરીને હવે વિદ્યાનગર ખાતે ૧૭,૫૦૦ ચોરસ મીટર જેટલી વિશાળ જગ્યામાં તૈયાર કરાયેલા નવા ભવનમાં ખસેડવામાં આવી રહી છે.

નવી કચેરીનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ જતાં તેનો શુભારંભ કરાશે, જેનાથી અત્યાર સુધી શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાં છૂટીછવાઈ આવેલી કચેરીઓની સેવાઓ હવે એક જ સ્થળે ઉપલબ્ધ બનશે. આ સંકુલમાં કલેક્ટર ઉપરાંત પ્રાંત અધિકારી, સિટી અને ગ્રામ્ય મામલતદાર, હક્ક ચોક્સી, સિટી સર્વે તેમજ સ્ટેમ્પ ડ્યુટી સહિતની તમામ મહેસૂલી અને વહીવટી સેવાઓ એક જ છત નીચે મળી રહેશે.

આ લોકાર્પણ કાર્યક્રમ સાથે જ મુખ્યમંત્રીના હસ્તે શહેરના વિવિધ વિસ્તારોમાં રૂ. ૧૦૦ કરોડથી વધુના ખર્ચે થનારા અન્ય વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ યોજાનાર છે. હાલ ભાવનગર મહાનગરપાલિકા અને જિલ્લા તંત્ર દ્વારા વિકાસકામોની યાદીને આખરી ઓપ આપવા બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે અને તમામ અધિકારીઓ તથા તંત્રવાહકો આ ભવ્ય કાર્યક્રમની તડામાર તૈયારીઓમાં લાગી ગયા છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓના સપનાને મળશે નવી પાંખો**

# ભાવેણાના આંગણે 'સ્પીપા'નો શુભારંભ

**લાગલગાટ જહેમત ઉઠાવનાર કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના હસ્તે પ્રાદેશિક તાલીમ કેન્દ્રનો પ્રારંભ; સૌરાષ્ટ્રના યુવાનોને હવે ઘરઆંગણે જ મળશે UPSC-GPSC નું ઉત્કૃષ્ટ માર્ગદર્શન**




ભાવનગર,તા.૨૩

ભાવનગર ખાતે સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)ના પ્રાદેશિક તાલીમ કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે જુનિયર ક્લાર્ક વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓની પૂર્વ સેવા તાલીમના પ્રથમ વર્ગનો પણ પ્રારંભ થયો હતો.

આ તકે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, ભાવનગરમાં સ્પીપા તાલીમ કેન્દ્ર શરૂ થવું સમગ્ર વિસ્તાર માટે ગૌરવની બાબત છે. આ કેન્દ્ર દ્વારા સરકારી અધિકારીઓ-કર્મચારીઓને તાલીમની સાથે યુવાનોને UPSC અને GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે યોગ્ય પ્લેટફોર્મ મળશે. આ સુવિધાનો લાભ ભાવનગર ઉપરાંત બોટાદ, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના યુવાનો પણ લઈ શકશે. આર્થિક પરિસ્થિતિના કારણે અમદાવાદ, ગાંધીનગર કે દિલ્હી ન જઈ શકતા પ્રતિભાશાળી યુવાનોને હવે ઘરઆંગણે જ ઉચ્ચ ગુણવત્તાયુક્ત તાલીમ મળશે.

તેમણે ઉમેર્યું હતું કે, સરકારી કર્મચારીઓ માટે તાલીમ માત્ર કૌશલ્ય વિકાસ પૂરતી સીમિત ન રહેતા 'નાગરિક દેવો ભવ'ની ભાવના સાથે પારદર્શક અને લોકાભિમુખ વહીવટ આપનારી હોવી જોઈએ. આ ઉપરાંત, સિદસર ખાતે આશરે ૨.૨૬ એકર જમીન પર ભવિષ્યમાં સ્માર્ટ ક્લાસરૂમ, લાઈબ્રેરી અને હોસ્ટેલ જેવી આધુનિક સુવિધાઓ સાથેના ભવ્ય સ્પીપા સંકુલનું નિર્માણ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં સ્પીપાના સંયુક્ત નિયામક એ.એસ. માંડોદ, ડેપ્યુટી ડાયરેક્ટર હાર્દિકભાઈ પ્રજાપતિ, એચ.કે. રાઠોડ, કોર્પોરેટર પરેશભાઈ ચૌહાણ, એમ.જે. કોલેજના પ્રિન્સિપાલ દિલીપભાઈ જોશી, મોડેલ શાળાના આચાર્ય ડૉ. પ્રકાશભાઈ રાઠોડ સહિતના મહાનુભાવો, અધિકારીઓ, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા તાલીમાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### 'સ્પીપા એટલે માત્ર અમદાવાદ'ની ઓળખ બદલાઈ: મહાનુભાવોનો સુર

કમિશનર ડૉ. નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી 'સ્પીપા એટલે અમદાવાદ' એવી જ ઓળખ હતી, પરંતુ કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના સતત પ્રયાસોથી ભાવનગરને આ ભવ્ય ભેટ મળી છે. ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ભરતભાઈ રામાનુજે પણ આ કેન્દ્રને સમયની માગ ગણાવીને વહીવટી કાર્યક્ષમતા વધારવામાં મદદરૂપ થશે તેમ જણાવ્યું હતું.

# ભાવનગરમાં કાલે ભરતીમેળો : ૧,૦૦૦થી વધુ જગ્યાઓ પર હાથ ધરાશે સીધી ભરતી

ભાવનગર,તા.૨૩

ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના સંયુક્ત ઉપક્રમે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે મોતીબાગ સ્થિત અટલ બિહારી વાજપેયી ઓપન એર થિયેટર ખાતે કલસ્ટર કક્ષાના રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતીમેળામાં ક્રેસિલ લિમિટેડ, આઈ.પી.સી.એલ., સ્ટીલ કાસ્ટ લિમિટેડ, સુમિટોમો કેમિકલ ઈન્ડિયા લિ., મધુસિલિકા પ્રા. લિ., આવડકૃપા પ્લાસ્ટોમેક પ્રા. લિ. સહિત દેશ-રાજ્યની ૨૦થી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓ ઉપસ્થિત રહી ૧,૦૦૦થી વધુ ખાલી જગ્યાઓ માટે ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેશે.

ભરતીમેળા દરમિયાન જુનિયર એન્જિનિયર, સી.એન.સી.-વી.એમ.સી. ઓપરેટર, સુપરવાઈઝર, ક્યુ.સી. કેમિસ્ટ, ફિટર, વેલ્ડર, મશીનિસ્ટ, ટર્નર અને ઈલેક્ટ્રિશિયન સહિતની વિવિધ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

યોગ્ય લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ પોતાના રિઝ્યુમની નકલો સાથે સ્વખર્ચે ભરતીમેળામાં ઉપસ્થિત રહેવાનું રહેશે.નોકરીદાતાઓની વિગતો, ઉપલબ્ધ ખાલી જગ્યાઓ તથા જરૂરી લાયકાત અંગેની વિસ્તૃત માહિતી માટે જિલ્લા રોજગાર કચેરીની ટેલિગ્રામ ચેનલ EMPLOYMENT BHAVNAGAR (GOG) ની મુલાકાત લેવા જિલ્લા રોજગાર કચેરી, ભાવનગર દ્વારા જણાવવામાં આવ્યું છે.

**કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં આયોજન; ૨૦થી વધુ જાણીતી કંપનીઓ લેશે ઈન્ટરવ્યૂ**

# ઉમરાળાના ભોજાવદર ગામની સીમમાંથી જુગાર 'ઈલેવન' ઝડપાઈ

**કાળુભાર નદીના કાંઠે ખરાબામાં ચાલતા જુગારધામ પર ઉમરાળા પોલીસનો સફળ દરોડો**

ભાવનગર,તા.૨૩

ઉમરાળા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એચ. પી. બારડના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, તે દરમિયાન મળેલ બાતમીના આધારે ભોજાવદર ગામે કાળુભાર નદીના સામે કાંઠે આવેલા ખરાબા તરીકે ઓળખાતી ખુલ્લી જાહેર જગ્યામાં દરોડો પાડીને જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવ્યો હતો.

આ સફળ કામગીરી દરમિયાન પોલીસે જુગાર રમતા ભોજાવદર ગામના જ ૧૧ ઈસમો જેમાં ૭૦ વર્ષીય પરસોતમભાઈ કાળાભાઈ પરમાર, ૩૯ વર્ષીય જયપાલસિંહ નીરુભા ગોહિલ, ૩૩ વર્ષીય મહેશભાઈ ધનજીભાઈ મીઠાપરા, ૪૦ વર્ષીય નાનજીભાઈ ગોબરભાઈ બગદરીયા, ૫૨ વર્ષીય રમેશભાઈ મનજીભાઈ ચૌહાણ, ૬૫ વર્ષીય મનજીભાઈ કાંતીભાઈ નમસા, ૫૦ વર્ષીય રમેશભાઈ કરશનભાઈ પરમાર, ૨૪ વર્ષીય સુમીતભાઈ અશોકભાઈ બગદરીયા, ૬૮ વર્ષીય શંભુભાઈ સામતભાઈ મકવાણા, ૪૩ વર્ષીય સુરપાલસિંહ નીરુભા ગોહિલ તથા ૬૮ વર્ષીય મનજીભાઈ બીજલભાઈ પરમારને ઘટનાસ્થળેથી ઝડપી લીધા હતા.

પોલીસે તેમની પાસેથી જુગારના સાહિત્ય તરીકે ૫૨ ગંજીપત્તાના પાના તેમજ રોકડા રૂપિયા ૨૦,૬૦૦ મિલકર કુલ ૨૦,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરોડાની સમગ્ર કામગીરીમાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એચ. પી. બારડ સાથે હેડ કોન્સ્ટેબલ જી.ડી. દવે, હેડ કોન્સ્ટેબલ એમ.કે. ગોહિલ, પોલીસ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ રામદેવસિંહ ગોહિલ અને પોલીસ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ હરપાલસિંહ ગોહિલ સહિતનો પોલીસ સ્ટાફ રોકાયેલ હતો.

# ટ્રાફિક પોલીસે વૃદ્ધના પાકિટમાંથી બળજબરીથી રૂ. ૫૦૦ સેરવી લીધાનો ગંભીર આક્ષેપ ; તપાસનો ધમધમાટ

ભાવનગર,તા.૨૩

શહેરના રિંગરોડ નજીક રહેતા ૭૩ વર્ષીય વૃદ્ધ જગદીશભાઈ રતીલાલ કારીયાએ ટ્રાફિક પોલીસ જવાનો સામે ગંભીર આક્ષેપો કરતાં ચકચાર મચી જવા પામી છે.સોશિયલ મીડિયા પર પોસ્ટ વાયરલ થયા બાદ ટ્રાફિક પોલીસે કથિત ભોગગ્રસ્ત વૃદ્ધને કચેરીએ બોલાવી અરજી લઈ તપાસ હાથ ધરી, ટ્રાફિક કર્મચારી અને બે ટીઆરબી જવાનોના નિવેદન નોંધી સીસીટીવી મેળવવા પ્રયાસો હાથ ધર્યાનું જાણવા મળ્યું છે.

જગદીશભાઈના આક્ષેપ મુજબ, ગત રવિવારે સવારે તેઓ પોતાના સંબંધી મહિલાની ખબર કાઢવા હોસ્પિટલ જઈ રહ્યા હતા. તે દરમિયાન પાણીની ટાંકી પાસેથી પસાર થતાં ત્રણ ટ્રાફિક જવાનોએ તેમને આંતરીને મોપેડ (નં. GJ 04 BL 0368) સાઈડમાં ઊભું રખાવ્યું હતું. જવાનોએ 'જૂની નંબર પ્લેટ કેમ છે? PUC આપો' તેમ કહી રૂ. ૫ હજારનો દંડ અને મોપેડ ડિટેઈન કરવાની ધમકી આપીને ડરાવ્યા હતા.

વૃદ્ધ પાસે કેટલા રૂપિયા છે તે અંગે પૂછપરછ કર્યા બાદ પાકિટ બતાવવાનું કહ્યું હતું. પાકિટમાં રૂ. ૫૧૦ જોતાં જ એક ટ્રાફિક જવાને સીધો જ પાકિટમાં હાથ નાખી રૂ. ૫૦૦ કાઢી પોતાના ખિસ્સામાં મૂકી દીધા હતા અને વૃદ્ધને જવાનું કહી દીધું હતું. વૃદ્ધે મોપેડમાં પેટ્રોલ પુરાવવા રૂ. ૨૦૦ પરત માગ્યા હોવા છતાં એક પણ રૂપિયો આપ્યા વિના તેમને હાંકી કાઢવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરાયો છે.

આ ઘટના બાદ જગદીશભાઈએ સોશિયલ મીડિયા પર તેમની સાથે થયેલા તોડ અંગેની પોસ્ટ વાયરલ કરી હતી. પોસ્ટ વાયરલ થતાં જ ટ્રાફિક વિભાગે તેમને કચેરીએ બોલાવી અરજી સ્વીકારી તપાસ હાથ ધરી છે.

આ અંગે ટ્રાફિક શાખાના ઈન્ચાર્જ પીઆઈ પ્રતીક અમીને જણાવ્યું હતું કે, બનાવ વાળા સ્થળના સીસીટીવી કેમેરા તેમજ ટ્રાફિક જવાનોના બોડી વોર્ન કેમેરાના ફૂટેજ તપાસવાનું કામ ચાલુ છે. જેમના પર આક્ષેપ છે તે ટ્રાફિક કર્મચારી અને બે બ્રિગેડિયરના નિવેદન પણ નોંધવામાં આવ્યા છે. તપાસના અંતે આક્ષેપમાં કેટલું તથ્ય છે તે બહાર આવશે અને જો કોઈ કર્મચારી દોષિત જણાશે તો તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

**સોશિયલ મીડિયા પર પોસ્ટ વાયરલ થયા બાદ ટ્રાફિક પોલીસે કથિત ભોગગ્રસ્ત વૃદ્ધને કચેરીએ બોલાવી અરજી લઈ તપાસ હાથ ધરી, ટ્રાફિક કર્મી અને બે ટીઆરબી જવાનોના નિવેદન લેવાયા, સીસીટીવી મેળવવા પ્રયાસો**

# સિહોરી માતાજીના મંદિર પાસેથી વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

**રૂ.૪૮,૦૦૦ ની કિંમતની ૨૪૦ વિદેશી દારૂની બોટલો જપ્ત કરાઈ**



તસવીર : કૌશીક વ્યાસ

ભાવનગર,તા.૨૩

સિહોર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાને વરેલી પોલીસ દ્વારા બુટલેગરો સામે લાલ આંખ કરવામાં આવી છે. તાજેતરમાં સિહોરી માતાના મંદિર તરફ જવાના રસ્તા પાસેથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાઈ આવતા સ્થાનિક વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. પવિત્ર ધાર્મિક સ્થળ નજીકથી જ દારૂનું વેચાણ કે હેરાફેરી થતી હોવાની માહિતીના આધારે પોલીસે સઘન કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સિહોરી માતાના મંદિર તરફ જતા માર્ગ પર દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમી મળી હતી. જેના આધારે દરોડો પાડતા સ્થળ પરથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. આ મામલે પોલીસે રાહુલ ભરતભાઈ હલુકા (ઉંમર ૨૪ વર્ષ) નામના શખ્સને રંગે હાથ ઝડપી પાડ્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જપ્ત કરાયેલા વિદેશી દારૂની કુલ કિંમત અંદાજે રૂ. ૪૮,૦૦૦ જેટલી થવા જાય છે. ધાર્મિક સ્થળ નજીકથી જ આ પ્રકારે પ્રતિબંધિત જથ્થો ઝડપાતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. હાલ પોલીસે પકડાયેલા આરોપીની કડક પૂછપરછ શરૂ કરી છે અને આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તેમજ કોને પહોંચાડવાનો હતો તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

**ભાવનગરમાં ઇમરજન્સી સેવાનો 'હાઇટેક યુગ'**

# આગ સહિતની ઘટનાઓમાં હવે માત્ર ૧૧૨ ડાયલ કરવાથી મદદે પહોંચશે ફાયર બ્રિગેડ






ભાવનગર,તા.૨૩

ભાવનગર શહેરની ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમમાં એક યુગપ્રવર્તક ટેકનોલોજીકલ બદલાવ આવ્યો છે. '૧૧૨ પાયલોટ પ્રોજેક્ટ' અંતર્ગત ભાવનગર મહાનગરપાલિકા સંચાલિત ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓને હવે નેશનલ ઈમરજન્સી હેલ્પલાઈન નંબર ૧૧૨ સાથે સંપૂર્ણપણે સાંકળી લેવામાં આવી છે. પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા બાદ હવે ફાયર ડિપાર્ટમેન્ટ પણ ૧૧૨ નેટવર્કનો ભાગ બની જતાં નાગરિકોને કોઈપણ આફત સમયે તમામ ઈમરજન્સી સેવાઓ એક જ નંબર પરથી અતિ ઝડપથી મળી રહેશે.

આ નવી સિસ્ટમના અમલીકરણ સાથે જ ફાયર વિભાગનો વર્ષો જૂનો '૧૦૧' નંબર તેમજ લેન્ડલાઈન નંબરો (૨૪૨૪૮૧૪, ૨૪૨૪૮૧૫, ૨૪૨૪૮૭૮) સીધા ૧૧૨ કંટ્રોલ રૂમ પર ડાયવર્ટ કરી દેવાયા છે. ૧૧૨ ના અધિકારીઓ દ્વારા આ સિસ્ટમનું સત્તાવાર લોન્ચિંગ કરવામાં આવ્યું છે.ફાયર વિભાગના ૧૪ મોટા અને ૫ મોબાઈલ વ્હીકલ મળીને ૧૯ ઈમરજન્સી (જુઓ પાનું ૬)»

### રિયલ-ટાઈમ મોનિટરિંગ અને વધારાની મદદનું સુઆયોજિત સંચાલન

ફાયર ટીમ ઘટનાસ્થળે પહોંચશે ત્યારે સેન્ટ્રલ કંટ્રોલ રૂમથી જ પરિસ્થિતિનું રિયલ-ટાઈમ નિરીક્ષણ કરી શકાશે. સ્થળ પર આગ કેટલી વિકરાળ છે, કેમિકલ આધારિત છે કે સામાન્ય, તેમજ બચાવ કામગીરી માટે વધારાના સાધનોની જરૂર છે કે નહીં તે કંટ્રોલ રૂમમાં બેઠેલા અધિકારીઓ લાઈવ ફૂટેજ જોઈને સમજી શકશે. જો સ્થિતિ ગંભીર જણાશે તો તાત્કાલિક વધારાના વોટર ટેન્ડર, હાઈડ્રોલિક પ્લેટફોર્મ કે એમ્બ્યુલન્સ જેવાં વાહનો ત્વરિત રવાના કરવાનું આયોજન ગોઠવાયું છે.

### રિસ્પોન્સ ટાઈમ ઘટશે: લાઈવ લોકેશનથી સીધું નેવિગેશન

અગાઉ ૧૦૧ કે ૧૧૨ પર મળતા કોલને કંટ્રોલ રૂમ દ્વારા ફાયર સ્ટેશન ટ્રાન્સફર કરી વાહન રવાના કરવામાં કિંમતી મિનિટો વેડફાઈ જતી હતી. હવે જેવો ૧૧૨ પર કોલ આવશે કે તરત જ ઘટનાસ્થળના સૌથી નજીકના વાહનના ડ્રાઈવરના ટેબ્લેટ પર લોકેશન, નેવિગેશન અને સૌથી ટૂંકા રસ્તાનો મેસેજ પહોંચી જશે. આનાથી ફાયર સ્ટેશનથી ગાડી રવાના થાય તેની રાહ જોવાને બદલે રસ્તા પર પેટ્રોલીંગ કે ગસ્ત લગાવી રહેલું વાહન પણ સીધું જ ઘટનાસ્થળે રવાના થઈ શકશે, જેથી રિસ્પોન્સ ટાઈમમાં મોટો ઘટાડો થશે.

**ફાયરનો ૧૦૧ નંબર સહિતના અન્ય લેન્ડલાઈન નંબરો ૧૧૨ સાથે મર્જ ; ૧૯ વાહનો જીપીએસ અને સ્માર્ટ ટેબ્લેટથી સજ્જ થતાં રિસ્પોન્સ ટાઈમમાં નોંધપાત્ર ઘટાડો થશે**